# ઉદ્યોગોને PNG ગેસના કાપ સામે વૈકલ્પિક બળતણ માટે મંજૂરી

## લિક્વીડ ફ્યુલ માટે જીપીસીબીની લીલીઝંડી

**વીઆઈએ** દ્વારા જીપીસીબીને પત્ર લખી ઉદ્યોગોને વૈકલ્પિક બળતણ માટે મંજૂરી આપવા આગ્રહ કરાયો હતો

વાપી : વાપીના ઉદ્યોગોને PNG ગેસના વૈકલ્પિક બળતણ તરીકે વૈકલ્પિક બળતણની મંજૂરી આપવા માટે વીઆઈએ દ્વારા જીપીસીબીના મેમ્બર સેક્રેટરીને પત્ર લખીને રજૂઆત કર્યાના કલાકોમાં જ જીપીસીબી તરફથી પરિપત્ર જાહેર કરીને એપ્રવ્ડ લિક્વીડ ફ્યુલના બળતણ માટે મંજૂરી આપી દેતા ઉદ્યોગો માટે મોટી રાહત થઈ છે. આ વિસ્તારના ધારાસભ્ય તેમજ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ વીઆઈએની રજૂઆત બાદ રાજ્ય સરકારને વાપી સહિતના ઉદ્યોગોની હાલની સ્થિતિથી વાકેફ કરીને ત્વરીત નિર્ણય થાય તેના પ્રયાસ કર્યા હતા. તેના પરિણામે ઉદ્યોગોને PNG ગેસના કાપ સામે વૈકલ્પિક બળતણ માટે મંજૂરી મળતા ઉદ્યોગોએ આભારની લાગણી વ્યક્ત કરી છે.

ઈરાન સાથે અમરિકા તેમજ ઈઝરાયેલના યુદ્ધના કારણે ઊભી થયેલી પરિસ્થિતિ વચ્ચે ઉદ્યોગોને ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા અપાતા PNG ગેસમાં શુક્રવારથી ગેસ કંપનીએ કાપ મૂકી કોન્ટ્રાક્ટ કર્યો હોય તેવા ઉદ્યોગોને 50 ટકા કાપ મૂકવાની જાહેરાત કરી હતી. તેમજ જે ઉદ્યોગોએ કોન્ટ્રાક્ટ નથી કર્યો તેમનો PNG ગેસનો સપ્લાય બંધ કરી દીધો હતો. આમ ઉદ્યોગો માટે કટકટીની સ્થિતિ આવતા વીઆઈએ(વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન) દ્વારા ગેસ કંપની તેમજ જીપીસીબી (ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ)ને રજૂઆત કરીને ઉદ્યોગોને વૈકલ્પિક બળતણ માટે ત્વરીત મંજૂરી માટે આગ્રહ કર્યો હતો. આ રજૂઆત બાદ જીપીસીબીએ માન્યતા પ્રાપ્ત પ્રવાહી બળતણ તરીકે ઉપયોગ કરી શકશે તેના માટે એક પરિપત્ર દ્વારા મંજૂરી આપી છે. આમ વીઆઈએની રજૂઆતના પગલે રાજ્ય સરકાર દ્વારા ત્વરીત નિર્ણય લઈને જીપીસીબીએ પરિપત્ર દ્વારા આ મંજૂરી આપી દીધી છે. વાપી સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોએ ગુજરાત સરકારની આ પહેલને આવકારીને આભારની લાગણી વ્યક્ત કરી છે. વલસાડ જિલ્લાની વાપી સહિતની જીઆઈડીસીઓમાં PNG ગેસના નોંધાયેલા ઉદ્યોગોની સંખ્યા 736 જેટલી છે. આ તમામ ઉદ્યોગો તેમજ નહીં નોંધાયેલા PNG ગેસ લેતા ઉદ્યોગો માટે વૈકલ્પિક વ્યવસ્થા થતાં ઉદ્યોગોએ મોટી રાહતનો અનુભવ કર્યો છે.

### ત્રણ મહિના બાદ આ મંજૂરીની સમીક્ષા થશે

જીપીસીબીના પરિપત્રમાં જણાવ્યા પ્રમાણે મિડલ ઇસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ જેવી સ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસના પુરવઠામાં મોટો વિક્ષેપ પડ્યો છે. ભારતને મળતા ગેસના સપ્લાયમાં મોટો ઘટાડો નોંધાયો છે. જેનાથી રાજ્યના ઉદ્યોગોના ઉત્પાદન પર વિપરીત અસર થવાની સંભાવના છે. જે ઉદ્યોગો હાલમાં ગેસ આધારિત યુટિલિટીઝ કાર્યરત છે તેઓ ગેસના અભાવે જીપીસીબી દ્વારા માન્યતા પ્રાપ્ત પ્રવાહી બળતણ(એપ્રુવ્ડ લિક્વીડ ફ્યુલ)નો ઉપયોગ કરી શકશે. જેના માટે ઉદ્યોગો દ્વારા કોઈ અલગથી મંજૂરી જેવી કે CTC and CCA મેળવવાની રહેશે નહીં. પરંતુ બોર્ડને વિગતવાર જાણ કરવાની રહેશે. ત્રણ મહિના અંતે બોર્ડ દ્વારા સમીક્ષા કરવામાં આવશે.

### કનુભાઈના પ્રયાસને કારણે ઉદ્યોગોને ત્વરીત રાહત મળી

વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલે 'ગુજરાતમિત્ર' સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ઉદ્યોગો માટે PNG ગેસના કાપ સામે વૈકલ્પિક બળતણની મંજૂરી માટે જીપીસીબીને વીઆઈએ દ્વારા રજૂઆત કરી હતી. સાથેસાથે આપણાં વિસ્તારના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈને પણ ઉદ્યોગોની કપરી સ્થિતિ વિશે માહિતગાર કરાયા હતા. કનુભાઈના પ્રયાસને કારણે જીપીસીબી દ્વારા પ્રવાહી બળતણ માટે ત્વરીત મંજૂરી આપવામાં આવી છે. તેના માટે તમામ ઉદ્યોગો તરફથી રાજ્ય સરકાર તેમજ કનુભાઈનો આભાર વ્યક્ત કરીએ છીએ.

## મોરાઈની કંપનીમાંથી રૂપિયા 2.32 લાખના કેબલની ચોરી

વાપી : વાપી નજીકના મોરાઈ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલી કંપનીમાંથી તસ્કરો શેડના પતરા તોડી રૂપિયા 2.32 લાખના કેબલ ચોરી કરી ગયા હતાં. કંપનીમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં બે તસ્કરો નજરે પડ્યા હતાં. વાપી ગુંજન સ્થિત ભાનુકિરણ કોમ્પ્લેક્સમાં રહેતા કિશોર તુલસીદાસ ભાનુશાલી (ઉ.50)ની મોરાઈ ગામ, વ્રજ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં બાયોપેક ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ. કંપની આવેલી છે. ગત તા.20-2-26 ના રોજ કંપની પ્રોડક્શન મેનેજરે ફોન કરીને જણાવ્યું હતું કે, કંપની ઉપરના પતરાના શેડ કોઈ સાધન વડે તોડી તસ્કરો એલ્યુમિનિયમ ફોઈલ કંન્ટેનર બનાવવાના મશીનમાં લગાવેલા કેબલો ચોરી ગયા છે તથા અન્ય મશીનો ઉપર લગાવેલા બીજા કેબલોના ટૂકડા કરી નાખ્યા છે. જેને પગલે સીસીટીવી કેમેરા ચેક કરતા બે ઈસમો નજરે પડી રહ્યા છે. તસ્કરોએ રૂપિયા 2,32,374ના કેબલ ચોરી કરી ગયાની ફરિયાદ કંપની સંચાલક કિશોર ભાનુશાલીએ વાપી ટાઉન પોલીસ મથકમાં કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### જીવન એક સંગ્રામભૂમિ છે : પદ્મદર્શનસૂરિજી



સુરત : વાપી જીઆઈડીસી શ્રદ્ધા સોસાયટીમાં આવેલી અશોક વાટિકાના શ્રી આદિનાથ શ્વે. મૂ.પૂ. જૈન સંઘમાં નૂતન આચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ વૃંદની પધરામણી અને પ્રવચન યોજાયું હતું. આ પાવન પ્રસંગે પૂ. આ. પ્રવર શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે પ્રવચનપ્રસાદી દ્વારા જણાવ્યું હતું કે, જીવન એક સંગ્રામભૂમિ છે. ચડતી ને પડતી તો આવ્યા જ કરશે. એમાં જરાય મુંઝારો રાખતા નહીં. જેમ તડકો અને છાંયડો કુદરતનો ઘટનાક્રમ છે તેમ સુખ અને દુઃખ એ પણ જીવનનાં પર્યાયો છે. સુખમાં ક્યારેય છાકટા બનતા નહીં અને દુઃખથી જરાય ડગતા નહીં. સુખ કે દુઃખ પ્રભુ દ્વારા પ્રાપ્ત થતી પ્રસાદી છે. જો પ્રભુ તમારી સાથે છે તો સમગ્ર દુનિયા તમારી સાથે છે. પ્રભુને હૈયામાં રાખો, માત્ર હોઠ ઉપર નહીં. મનમંદિરમાં પ્રભુનું અવતરણ થાય એટલે તમે 'વિશ્વસમ્રાટ' છો.

### ધરમપુરના મોહના ગામમાં ટેમ્પો 100 ફૂટ ઊંડી ખીણમાં ખાબક્યો


આસીફ શેખ

ધરમપુર : મળતી માહિતી મુજબ GJ-15-AV-1801 નંબરનો પીકઅપ ટેમ્પો મોહના તરફથી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવતા ટેમ્પો રોડ પરથી સીધો નીચે ખીણમાં પડ્યો હતો. અકસ્માતની જાણ થતાં આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. સ્થાનિકોની મદદથી વાહનમાં ફસાયેલા ચાલક અને ક્લીનરને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતાં. સદનસીબે આ ગંભીર અકસ્માતમાં બંનેને સામાન્ય ઈજાઓ સાથે ચમત્કારિક બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ ઘટનાની ધરમપુર પોલીસ મથકે હજુ સુધી સત્તાવાર કોઈ નોંધ કરવામાં આવી નથી.

### ઉમરગામ શ્રી અકરા મારૂતિ મંદિરના જીર્ણોદ્ધારની કામગીરી શરૂ


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ ટાઉન સ્થિત શ્રી અકરા મારૂતિ હનુમાનજી મંદિર ભક્તોની આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. વર્ષો જૂનું આ મંદિર નવું બનવા જઈ રહ્યું છે અને જીર્ણોદ્ધારની કામગીરી શરૂ કરવામાં આવી છે અને તે માટે ઢોલ નગારા સાથે વિધિવત પુંજા અર્ચના કરવામાં આવી હતી. ઉમરગામ શહેરના પ્રવેશદ્વાર સમાન અને હજારો શ્રદ્ધાળુઓના આસ્થાના કેન્દ્ર એવા શ્રી અકરા મારૂતિ મંદિરના જીર્ણોદ્ધારની કામગીરી શરૂ થતાં ભક્તોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. આ અવસરે મંદિરના પટાંગણમાં શાસ્ત્રોક્ત વિધિ વિધાન મુજબ પૂજા-અર્ચનાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રી અકરા મારુતિ મંદિર ટ્રસ્ટના પ્રમુખ આશિષ તન્નાએ મંદિરના જીર્ણોદ્ધાર અંગે માહિતી આપતા જણાવ્યું કે મંદિરને વધુ સુવિધાસભર અને ભવ્ય બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પ્રસંગે નગરના અગ્રણીઓ શહેરીજનો ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વાધ્યાય પરિવાર દ્વારા પાંચ હજાર પરિવારોને ન્યુટ્રિશન કીટ અર્પણ



વાપી : પાંડુરંગ શાસ્ત્રી આઠવલે એ વનવાસી પુંજમાં હૃદયસ્થ ભગવાનનો વિચાર લઈ ત્રિકાળ સંધ્યા અને ઘરમંદિર જેવા પ્રયોગ સફળતાપૂર્વક કરી લાખો વનવાસી ભાઈ-બહેનોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવાનું ભગીરથ કાર્ય કર્યુ હતું. જે પ્રેરણાના ભાગરૂપે દાદા તથા તેમના જ માર્ગે સ્વાધ્યાય કાર્યની ધુરા સંભાળનાર તેમના સુપુત્રી જયશ્રી તલવલકર (દીદીજી)એ હાલ દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ, નવસારી, છોટાઉદેપુર જિલ્લાના પાંચ હજાર જેટલા વનવાસી કુટુંબોને પ્રસાદરૂપી ન્યુટ્રિશન કીટનું વિતરણ કરી સેવાકીય કાર્ય કર્યુ હતું.

### વઘઈ કોલેજમાં વાર્ષિકોત્સવની ઉજવણી



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગના ધારાસભ્ય વિજય પટેલના અધ્યક્ષ સ્થાને વઘઈ કોલેજ, ખાતે 'રંગત-૨૦૨૬' થીમ આધારિત વાર્ષિકોત્સવ અને ઇનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે વિજય પટેલે જણાવ્યું હતું કે, ડાંગના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે બહાર ન જવું પડે તે હેતુથી વઘઈ અને સુબીરમાં કોલેજો શરૂ કરાઈ છે. વધુમાં, આહવા અને વઘઈમાં ₹9 કરોડના ખર્ચે અદ્યતન લાઈબ્રેરીનું કામ પ્રગતિમાં છે, જ્યારે સુબીરમાં ₹5 કરોડના ખર્ચે નવી લાઈબ્રેરી ટૂંક સમયમાં સાકાર થશે. કાર્યક્રમમાં ડાયટ પ્રાચાર્ય ભગુભાઈ રાઉત અને વાંસદા કોલેજના આચાર્ય ડો. વાય. જે. મિસ્ત્રીએ વિદ્યાર્થીઓને જીવનમૂલ્યોનું મહત્વ સમજાવ્યું હતું. તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો. જે.એમ. ભોયા, સામાજિક કાર્યકર રંજીતાબેન પટેલ સહિત પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મજીગામમાં પૈસાની લેતીદેતીમાં મહિલા પર કુહાડીથી હુમલો

ઘેજ : પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી હિતેષ ઇશ્વરભાઇ પટેલ (રહે.ચીમલા ઉગમણા ફળીયા) ની પત્ની ગતરોજ સાંજના સમયે મલિયાધરા ગામે પિયર જવા નીકળી હતી. ત્યારે તેમણે પત્નીને મજીગામના છાપરા ફળીયા રહેતા દ્રષ્ટીક ઉર્ફે જીમીને આપેલા ઉછીના ૧૬,૦૦૦ રૂપિયા લઈ આવવા જણાવ્યું હતું. જે મુજબ પ્રિયંકાબેન આ ઉછીના રૂપિયા લેવા માટે રાત્રે આઠેક વાગ્યાના અરસામાં મજીગામ જતા જીમીએ તેને ગાળો આપી તેના ઘરેથી નીકળી જવાનું કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તેમ છતાં પ્રિયંકાબેને ફરી વખત ઉછીના નીકળતા રૂપિયા માંગતા જીમી ઉશ્કેરાઈ જઈ ઘરમાંથી કુહાડી લાવી જાનથી મારી નાંખવાના ઇરાદે કુહાડીથી માથામાં ભાગે જીવલેણ ઘા મારતા લોહી લુહાણ થઈ ઢળી પડી હતી. ગંભીર ઇજાગ્રસ્ત પ્રિયંકાબેનને ચીખલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર બાદ વધુ સારવાર અર્થે સુરતની હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પોલીસે ઉપરોક્ત બનાવમાં દ્રષ્ટીક ઉર્ફે જીમી મંગુભાઇ પટેલ (રહે. મજીગામ છાપરા ફળીયા તા.ચીખલી) સામે હત્યાનો પ્રયાસનો ગુનો નોંધી ધરપકડ કરી વધુ તપાસ પીઆઇ-ડી.એસ.કોરાટે હાથ ધરી હતી.

## પ્રદૂષણના મુદ્દે GPCBની સરીગામની ત્રણ કંપનીને ક્લોઝર

**નિયમનો** ભંગ કરાશે તો કડક કાર્યવાહીની ચીમકી સાથે લાઈટ પાણી કનેક્શન કાપી નંખાયા

ઉમરગામ : સરીગામમાં પ્રદૂષણના મુદ્દે GPCB એ લાલ આંખ કરી છે અને ત્રણ કંપનીઓ સિનેક્સ મેટકેમ, હર્ષિલ ઇન્ડસ્ટ્રીઝ અને મેરીટ ઓર્ગેનિક કંપનીને ક્લોઝર નોટિસ ફટકારી તાત્કાલિક અસરથી લાઈટ પાણી કનેક્શન કાપી નાખાતા પ્રદૂષણ ફેલાવતા અને પર્યાવરણના નિયમોનો ભંગ કરતા એકમોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ થોડા મહિના પહેલા ઉમરગામ તાલુકાના સરીગામ જીઆઇડીસી વિસ્તારમાં આવેલી હર્ષિલ ઇન્ડસ્ટ્રીઝ કંપનીમાં એસિટીક ફ્યુમ્સ લીકેજની ઘટના સામે આવી હતી અને સમગ્ર વિસ્તારમાં સફેદ ધુમાડાની ચાદર છવાઈ ગઈ હતી અને કંપનીની બેદરકારી સામે આવી હતી. વધુમાં છ ફેબ્રુઆરીએ સિનેક્સ મેટકેમ કંપનીમાં પ્રોડક્શન દરમિયાન રિએક્ટરમાં ઓવરફ્લો થતાં ક્લોરિન નામક ગેસ લીકેજ થતા કંપનીમાં કામ કરતા માણસોને શ્વાસ લેવામાં આંખે બળતરાની અસર થઈ હતી. અહીં પણ કંપનીની બેદરકારી સામે આવી હતી. વધુમાં સરીગામ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા કરવામાં આવેલી રૂટીન ચેકિંગ દરમિયાન મેરીટ ઓર્ગેનિક નામની કંપનીમાં પર્યાવરણ નિયમનું ઉલ્લંઘન થતું હોવાનું બહાર આવ્યું હતું. કંપની દ્વારા હવા પાણી પ્રદૂષણ મુદ્દે ગંભીર બેદરકારી રાખવામાં આવી રહી હોય ક્લોઝર નોટિસ ફટકારી તાત્કાલિક અસરથી પાણી અને લાઈટના કનેક્શન કાપી નાખી આગળની કાર્યવાહી જીપીસીપી દ્વારા હાથ ધરવામાં આવી છે. સરીગામ સ્થિત જીપીસીપી કચેરીના રિજનલ અધિકારી ભદ્રેશ પટેલ અને તેમની ટીમ દ્વારા પર્યાવરણ નિયમનો પાલન કરવા ઉદ્યોગોને જણાવવામાં આવ્યું છે અને જો કોઈ નિયમનો ભંગ કરશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે એવો સ્પષ્ટ સંકેત આપી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

## વાપી રેલવેની જૂની ફાટક 22 દિવસ બંધ રહેશે

**ટ્રેક** જર્જરિત હોવાને કારણે તાકીદે રિપેરિંગ કરવાનો નિર્ણય




વાપી : વાપી રેલવે ફાટક એલસી-82 ને રેલવે વિભાગ દ્વારા આગામી તા.9 થી તા.31 માર્ચ સુધી સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યો છે. ટ્રેકની સ્થિતિ અત્યંત જર્જરિત હોવાને કારણે રેલવે વિભાગ દ્વારા તાકીદે રિપેરિંગ કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. વિગતો મુજબ, 9 માર્ચથી તારીખ 31 માર્ચ સુધી આ માર્ગ બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન વાહન ચાલકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. જે મુજબ, તમામ ટ્રાફિકને LC-81 ના સ્થાને હાલમાં જ નિર્મિત નવા રેલવે ઓવરબ્રિજ અને GUDC દ્વારા બનાવેલા નવા રેલવે અંડર બ્રિજ તરફ વાળવામાં આવશે, આ અંગેની સત્તાવાર જાણકારી ડેપ્યુટી પ્રોજેક્ટ મેનેજર મનોજ દાસ દ્વારા વલસાડના એક્ઝિક્યુટિવ એન્જિનિયર, જિલ્લા કલેક્ટર, પોલીસ અધિક્ષક અને વાપી પાલિકા સહિતના સંબંધિત વિભાગોને આપી દેવામાં આવી છે. વાહનચાલકોએ ડાયવર્ઝનનો ઉપયોગ કરવાનો રહેશે. આ અગાઉ જાન્યુઆરીમાં ફાટક સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યો હતો અને ફાટક ઉપર લાગેલા રબરાઈઝ્ડ પેડ ખોલી ટેમ્પિંગ મશીન દ્વારા ટ્રેકનું સમારકામ કરવામાં આવ્યું હતું. ફાટક બંધ હોવાથી વાહનચાલકોને વૈકલ્પિક માર્ગ તરીકે વાપીના નવા રેલવે અંડરબ્રીજ, વાપી મોટા ગરનાળા, બલીઠા ઓવરબ્રીજનો ઉપયોગ કરવો.

## ખેરગામ તા.પં.માં ભ્રષ્ટાચાર કોંગ્રેસ 'હલ્લાબોલ' કરશે

**તાલુકા** પંચાયત કચેરીએ 9મી માર્ચના રોજ ધરણા પ્રદર્શન

ખેરગામઃ તાલુકા પંચાયતમાં વિપક્ષી સભ્યો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપોને પગલે રાજકીય માહોલ ગરમાયો છે. સામાન્ય સભામાં લોકશાહીના લીરેલીરા ઉડ્યા હોવાના આક્ષેપ સાથે ખેરગામ તાલુકા કોંગ્રેસે 9મી માર્ચ, સોમવારે 11:30 કલાકે તાલુકા પંચાયત કચેરી ખાતે 'હલ્લાબોલ'નું આયોજન કર્યુ છે.

ગત સામાન્ય સભામાં વિપક્ષી સભ્ય સુભાષભાઈ પટેલ, નીલમબેન પટેલ અને અન્ય સભ્યોએ નિયત સમયમર્યાદામાં પ્રશ્નો રજૂ કર્યા હતા, છતાં તેને એજન્ડામાં સામેલ કરવામાં આવ્યા ન હતા. તાલુકા પંચાયત પ્રમુખ રાજેશભાઈ પટેલ દ્વારા સંતોષકારક જવાબ ન મળતા અને તેઓ સભા અધૂરી છોડી ચાલ્યા જતાં વિપક્ષી સભ્યોએ કચેરીમાં જ સાંજ સુધી ધરણા કર્યા હતા. નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલ અને તાલુકા પ્રમુખ શશિન પટેલની મધ્યસ્થી બાદ TDO દ્વારા સાત દિવસમાં લેખિત બાંહેધરી આપવામાં આવી હતી, પરંતુ તેનો કોઈ નક્કર નિકાલ આવ્યો નથી.

### કોંગ્રેસે લડાયક મૂડ બનાવ્યો

તંત્રની ઉદાસીનતા સામે હવે કોંગ્રેસે આક્રમક વલણ અપનાવ્યું છે. સોમવારના કાર્યક્રમમાં કથિત ભ્રષ્ટાચાર અને વહીવટી અનિયમિતતાઓ વિરુદ્ધ અવાજ ઉઠાવવામાં આવશે. વિપક્ષી સભ્યો મમતાબેન પટેલ અને વિભાબેન પટેલે પણ આ લડતમાં જોડાઈને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. કોંગ્રેસે મોટી સંખ્યામાં કાર્યકરો અને જનતાને આ આંદોલનમાં જોડાવા આહવાન કર્યું છે. વિપક્ષનો સ્પષ્ટ સૂર છે કે જ્યાં સુધી પ્રજાના પ્રશ્નોનો ન્યાય નહીં મળે, ત્યાં સુધી લડત ચાલુ રહેશે.

## મોટાપોંઢા રાતાખાડી પર માઈનોર બ્રિજનું લોકાર્પણ

**ગામડાઓમાં** રોડ, પાણી, ખેતી, શિક્ષણ જેવી સુવિધાઓને પ્રાથમિક્તા આપી વિકાસના કાર્યો ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહ્યા છે : ધારાસભ્ય




વલસાડ : ગુજરાત અને સંઘપ્રદેશ દાદરા નગર હવેલીને જોડતા અતિ મહત્વના નાનાપોંઢા તાલુકાના મોટાપોંઢા ગામથી ઓમકચ્છ ફળિયાને જોડતા રાતાખાડી ઉપર માર્ગ મકાન વિભાગ સ્ટેટ વિભાગ દ્વારા આશરે રૂપિયા 2.27 કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા માઈનોર બ્રિજનું લોકાર્પણ કપરાડા વિસ્તારના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ બ્રિજના લોકાર્પણ સાથે સ્થાનિક ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. ચોમાસા દરમિયાન અહીં નીચા કોઝવેને લઈ અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતાં.

ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગામડાઓમાં રોડ, પાણી, ખેતી, શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે મોટાપોંઢાના રાતાખાડી ઉપર બનેલો આ બ્રિજ ગુજરાત અને દાદરા નગર હવેલી સંઘપ્રદેશ વચ્ચેના વાહનવ્યવહાર માટે મહત્વપૂર્ણ સાબિત થશે. ખાસ કરીને ચોમાસાના દિવસોમાં ભારે વરસાદને કારણે ખાડીમાં પાણીનો પ્રવાહ વધતા વાહનવ્યવહાર ખોરવાઈ જતો હતો અને ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે આ બ્રિજ બનતા ગ્રામજનો, કામદારો અને ખેડૂતોને આવાગમન અને પરિવહન માટે મોટી રાહત મળશે. સરપંચ રણજીત પટેલ તેમજ ગ્રામજનોએ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીનું સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો.

## નવસારીમાં 77 વર્ષીય વૃદ્ધાએ ફીનાઈલ પી જીવન ટૂંકાવ્યું

નવસારી : નવસારી શહેરના ટાઉન પોલીસ મથક વિસ્તારમાં આવેલા મરિયમપુરા વિસ્તારમાં એક હૃદયવિદારક ઘટના સામે આવી છે. અહીં રહેતી 77 વર્ષીય સુમતીબેન બચુલાલ રાણાએ બુધવારે સાંજના સમયે પોતાના ઘરે અજાણ્યા કારણોસર ફીનાઈલ પી લેતા પરિવારમાં ચકચાર મચી ગઈ હતી. પરિવારજનોને ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી અને સુમતીબેનને નવસારી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તબીબોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી, પરંતુ તેમની સ્થિતિ ગંભીર બનતાં રાત્રે અંદાજે 8 વાગ્યાના સમયે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં નવસારી ટાઉન પોલીસ સક્રિય બની હતી અને પ્રાથમિક માહિતીના આધારે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

## ઓઝરપાડાની એકલવ્ય મોડેલ સ્કૂલની ઈમારત જર્જરિત

**450** વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાતા વાલીઓ અને NCP દ્વારા કલેક્ટરને રજૂઆત

**જમીન** ફાળવણી છતાં કામગીરીમાં વિલંબથી ઉગ્ર આંદોલનની ચીમકી



આસીફ શેખ

ધરમપુરઃ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ઓઝરપાડા ગામે આવેલી એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલનું મકાન અત્યંત બિસ્માર હાલતમાં હોવાથી વિદ્યાર્થીઓના માથે જોખમ તોળાઈ રહ્યું છે. તંત્રની ઉદાસીનતા સામે વાલીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ શાળામાં આશરે 450 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળાની દીવાલો અને છત એટલી નબળી પડી ગઈ છે કે ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ છે. આ ઉપરાંત, હોસ્ટેલમાં અપૂરતા શૌચાલય અને સ્નાનગૃહોને કારણે વિદ્યાર્થીઓને પાયાની સુવિધાઓ માટે પણ સંઘર્ષ કરવો પડી રહ્યો છે. નવી ઈમારતના બાંધકામ માટે ધરમપુરના લાકડમાળ ગામે અંદાજે 8 હેક્ટર જમીન ફાળવવામાં આવી છે. જોકે, આક્ષેપ છે કે જમીનની માપણી પ્રક્રિયા અધૂરી રાખીને બાંધકામ અટકાવી દેવામાં આવ્યું છે. વારંવારની રજૂઆતો છતાં કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી.

આ ગંભીર મુદ્દે NCPના વલસાડ જિલ્લા પ્રમુખ અને વાલીઓએ વલસાડ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે. તેમણે માપણીની પ્રક્રિયા વહેલી તકે પૂર્ણ કરી નવી સ્કૂલનું બાંધકામ શરૂ કરવાની માંગ કરી છે. જો આગામી દિવસોમાં તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો વાલીઓએ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે.